ભાવનગર મહાનગરપાલિકા

રોશની વિભાગ

ભા.મ./રોશની જાવક...૧૦૪૯
તારીખ...૨૩-૧૦-૧૮

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી
રોશની વિભાગ,
ભાવનગર મહાનગરપાલિકા,
તા.૨૩/૧૦/૨૦૧૮

પ્રતિ,
શ્રી ચૌહાણ કિશોરભાઈ પાંચાભાઈ
રે.સ.નં:- ૨૫૬ પૈકી ૪,
ચિત્રા ભાદરવા રોડ
........................................

વિષય:- સ્ટ્રીટલાઈટ સુવિધા સબબ સુપરવિઝન ચાર્જ તથા સ્ટ્રીલાઈટ ફિટીંગ તથા કંટ્રોલ પેનલના સ્પેસીફીકેશન બાબત.

સંદર્ભ:- (૧) આપની અરજી નં.૧૧/૨૦૧૮... તા...૨૭/૦૭/૨૦૧૮
(૨) સીઈ/કમી.મંજુરી નં:.૧૬૭.... તા..૧૯/૧૦/૨૦૧૮

ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનુ કે આપના દ્વારા રજુઆત મુજબની વસાહતમાં સ્વખર્ચે સ્ટ્રીટ લાઈટ સુવિધા ડેવલપ કરવા ખર્ચના અંદાજ/ સુપરવિઝન ચાર્જ તથા સ્પેશીફીકેશન જણાવવા આવેલ રજુઆત અન્વયે સ્થળની જરૂરિયાત મુજબ પી.જી.વી.સી.એલ પોલ/વાયરીંગ માટેનુ તથા અત્રેના વિભાગના સ્ટ્રીટ લાઈટ સુવિધાના કામના વર્ષિક મંજુર રહેલ ભાવોથી સ્ટ્રીટ લાઈટ ફિટીંગ વિગેરે કામ માટે અંદાજ પત્ર તૈયાર કરવામા આવેલ છે. જે સબબ સુપરવિઝન ચાર્જ રૂ.....૭૭૫૦/-......... મ્યુ. ટ્રેઝરીમાં જમા કરાવવા તથા સ્ટ્રીટ લાઈટ માટેના લે-આઉટ પ્લાન અંગે સંદર્ભ-૨ થી સીટી એન્જીનિયરશ્રી/માન.કમિશ્નરશ્રીની મંજુરી પ્રાપ્ત થયેલ છે.

સ્ટ્રીટ લાઈટ સુવિધા મ્યુનિ.ના ધારાધોરણ મુજબ ડેવલપ કર્યા બાદ તે અંગેનુ એન.ઓ.સી અત્રેથી આપવામાં આવશે. બી.પી.એમ.સી એક્ટની કલમ-૨૨૪ અન્વયે તમામ સુવિધાઓ કોર્પોરેશન દ્વારા સંભાળવામા ન આવે ત્યા સુધી કોર્પોરેશન દ્વારા આપની સોસાયટીનુ મેઈન્ટેનન્સ કરવામાં આવશે નહી જેની નોંધ લેશો.

જ્યારે સક્ષમ સત્તા દ્વારા તમામ સુવિધાઓ સંભાળવાની થાય ત્યારે નજીકની સ્ટ્રીટ લાઈટમાં કનેક્શન આપવા માટે જરૂરી કામગીરી આપના દ્વારા કરાવવાની રહેશે અથવા નવા વિજ જોડાણની જરૂરીયાત ઉભી થયેથી સ્ટ્રીટલાઈટ માટે કોર્પોરેશનના નામનુ અલગથી વિજ-જોડાણ લેવાનુ રહેશે. જેનો સદરહુ એસ્ટીમેટની અંદાજીત રકમમાં સમાવેશ થતો નથી. ઉપરોક્ત જણાવેલ સુપરવિઝન ચાર્જની રકમ રૂ....૭૭૫૦/-..........દિન પંદરમાં ભરપાઈ કરવાની રહેશે. તેમજ ફીટીંગ ફિટ કરતા પહેલા તેની ચકાસણી અત્રેના વિભાગે કરાવી સ્થળ ઉપર ફિટીગં કામ પુર્ણ કરી ટ્રાયટેસ્ટ કરી શરૂ કર્યા બાદ અત્રેની કચેરીમાં લેખિત માંગણી કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ વર્ક કમ્પલીશન આપવામાં આવશે. જે જાણ સારુ.

બીડાણ: સ્ટ્રીટલાઈટ ફિટીંગ સ્પેસિફિકેશન

૨૩/૧૦/૧૮
કાર્યપાલક ઈજનેર
રોશની વિભાગ
ભાવનગર મહાનગરપાલિકા

Scanned by CamScanner

## Specification

| Sr.no | ITEM | QTY. |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 1 | Supply, Erection, Testing and Commissioning of LED street light fittings single piece MCPCB with thermal pads, High pressure Aluminium Die cast, power factor - > 0.90, Efficiency - > 85%, IP - 65, working life 60,000 Hrs. Light source, Osram LED, Maximum Current across each LED (v), 650, 720, Maximum Temperature of Heat sink, 65'C, colour temperature - 2700 - 8000 k, Beam angle (LED) - 120', storage life - 35'C, cool white, warm white. Make: Crompton, Philips, Bajaj, Nessa, Hevalls, Goldwin, Promtech, Syska. | |
| | 30w. LED Street Light fitting | 14 No. |

AAE

EE 23/10/18